# અગર વિસ્તારોમાં શિક્ષણની સ્થિતિ, કારણો અને ઉપાયો

અગર વિસ્તારો સામાન્ય રીતે ગામથી દૂર, દરિયા કિનારે અથવા રણમાં છે. તેઓ પંચાયતની હદમાં આવતા નથી. અગરીયા સમુદાય ચોમાસા પછી અગર વિસ્તારોમાં સ્થળાંતર કરતાં હોય છે. અને ત્યારબાદ ૪ મહિના સુધી મીઠું પકવવામાં લાગી જાય. અગરીયા સમુદાયનું મુખ્ય આજીવિકા મીઠાની ખેતી છે. ખુબજ ઓછા લોકો પાસે પોતાની ખેતી કે અન્ય આજીવિકાનું સાધન છે.

અગરીયા કાં તો રણ/દરિયા કાંઠે પોતાની મેળે મીઠું પકવે છે, તેને સ્વ-રોજગાર પ્રાપ્ત અગરીયા તરીકે ઓળખવામાં આવે છે અથવા નાના, મધ્યમ અથવા મોટા સોલ્ટ વર્કમાં દિવસના રોજ પર, અથવા ઉચ્ચક (ટન દીઠ ભાવ પર) કામ કરતાં હોય છે.

અગરીયા સમુદાય મોટા ભાગે પરિવાર સાથે સ્થળાંતર કરે છે. તેથી કામના સ્થળે સેંકડો પુરુષ, મહિલા, નાના તેમજ નિશાળે જવાની ઉમરના બાળકો અને કીશોરીઓ હોય છે. આ બાળકો તેમની ગામની નિશાળમાં જૂને થી સપ્ટેમ્બર સુધી ભણેલા હોય છે, પણ ઓક્ટોબરથી જો કામના સ્થળે અથવા નજીક તેમણે નિશાળ ન મળે તો તેઓ આપમેળે નિશાળમાથી બહાર ધકેલાઇ જાય.

છેલ્લા કેટલાક વર્ષોથી કચ્છ ના નાના રણમાં “રણશાળા” ચલાવવામાં આવે છે. સમગ્ર શિક્ષા અભિયાન મારફતે ચલાવવામાં આવતા આ નિશાળોમાં જરૂર પડે ત્યાં અગરીયા હિતરક્ષક મંચ ટેકો કરે છે. ગત વર્ષ માનનીય મંત્રિશ્રીના સૂચન અને માર્ગદર્શનથી આવી રણ શાળાઓ ટેન્ટના બદલામાં સ્માર્ટ ક્લાસમાં ચલાવવાનું નક્કી કરી તે મજુયબ 32 જેટલા બસ સ્માર્ટ ક્લાસ્સ બનાવવામાં આવી રહ્યા છે. સુરેન્દ્રનગર DEPO મારફતે આગવી પહેલ કરી મુખી નિશાળ માઠી વરફરતે શિક્ષક ને રણ શાળામાં ડેપ્યુટ કરીને રણમાં પણ બાળકો ગુણવત્તા વાળું શિક્ષણ મેળવી શકે તેની વ્યવસ્થા કરી છે. ગત વર્ષથી આ નિશાળોમાં મધ્યાન ભોજન આપવામાં આવે છે, તે માટે અગર વિસ્તારોમાં “હંગામી” રસોઈયા અને સંચાલકોની નિમણૂક, તેમણે જથ્થો અને અન્ય વસ્તુઓ પહોંચાડવાની વ્યવસ્થા પણ ગોઠવાઈ છે.

ફરજિયાત પ્રાથમિક ધારાની જોગવાઈ અનુસાર સ્થળાંતર કરતાં બાળકોને વાહનની વ્યવસ્થા અથવા કામને સ્થળે નિશાળ આ બંનેમાંથી કોઈ એક વ્યવસ્થા કરવાની જવાબદારી સરકારની બને છે. પણ તેમાટે ગાંધીનગર સ્તરેથી એક સરખું આયોજન અને જરૂરી બજેટની ફાળવણી કરવાની થાય છે.

---

માનનીય મંત્રીશ્રી મીઠા ઉદ્યોગ શ્રી ભુપેન્દ્રભાઈ ચુડાસમા દ્વારા 10/6/2019 ના રોજ રાજ્ય એમપવર્ડ કમિટીની બેઠકમાં કરેલ સૂચન અનુસાર અગર વિસ્તારોમાં શિક્ષણ અંગે નોંધ

દરિયાકાંઠે જે અગરીયાઓ છે, તેમના માટે હજુ પણ કોઈ આયોજન થતું નથી. ગત વર્ષે માળીયા રણ વિસ્તારમાં બાળકોનો સર્વે કર્યા બાદ પણ “બાળદોસ્ત” ન મળવાના કારણે બાળકો નિશાળ બહાર જ રહ્યા. આ માટે પ્રથમકીક શિક્ષણ નિયામકની કચેરી અને સમગ્ર શિક્ષા અભિયાન બંને સાથે મળી વિસ્તારને અનુરૂપ આયોજન માટેની તૈયારી કરી પડશે. દક્ષિણ ગુજરાત, સૌરાસ્ટ્ર, અને કચ્છના દરિયા કાંઠે 30 જેટલી અને તેમજ કચ્છના નાના રણમાં 32 રણશાળાઓ જોઈએ. દરિયા કાંઠાના કેટલાક વિસ્તારોમાં વાહનની વ્યવસ્થા માટે બજેટની જોગવાઈ જોઈએ.

અગર વિસ્તારોમાં સમગ્ર શિક્ષા અભિયાન મારફતે જે હોસ્ટેલ કરવામાં આવી છે, તે ખુબજ ઉપયોગી છે. ધીમે ઢીમ અગરીયા સમુદાય તેમના બાળકોને હોસ્ટેલમાં મુકતાં થયા છે. આ હોસ્ટેલો ખાસ 5 ધોરણ થી ઉપરના બાળકોમાટે ઉપયોગી છે.

આજે આખા ગુજરાતમાં નિશાળે જતાં અગરોમાં સેંકડો બાળકો રખડે છે. તેઓ તેમના માતા-પિતા સાથે તેઓ આગરોમાં છે, તે તેમનો વાંક કે ગુનો નથી, એટ્લે તેમણે આ માટે શિક્ષા ન આપીએ.

## <u>શું કરી શકાય</u>

- તમામ અગર વિસ્તારોમાં સપ્ટેમ્બર – ઓક્ટોબર દરમ્યાન સર્વે કરી જ્યાં કેટલા બાળકો તે લિસ્ટ થવા જોઈએ. (ISMA અને મંચ, વિસ્તારમાંથી અગરીયા આગેવાનની મદદથી)
- જ્યાં અગર નજીક છે ત્યાં વાહનની વ્યવસ્થા કરી, બાળકોને નજીકની નિશાળ માં મૂકવા જોઈએ. અગર વિસ્તારોમાં રસ્તા નથી, એટ્લે વાહન ભથ્થું / ખર્ચ માટે અલગથી અને વધારે જોગવાઈ અને સ્થાનિક ઉપલબ્ધ વાહન (જે અગર વિસ્તારોમાં કાચા રસ્તાપર, જાય તેવું) લઈ શકાય તેવી ખાસ કિસ્સામાં જોગવાઈ કરવી જોઈશે.
- 1 થી 5 ધોરણ ના બાળકો માટે તમામ અગર વિસ્તારોમાં બસ સ્માર્ટ ક્લાસની વ્યવસ્થા કરવી જોઈએ.
- અગર વિસ્તારોમાં મધ્યાન ભોજન સંચાલક, રસોઈયાની નિમણૂક કરી મધ્યાન ભોજન પહેલા દિવસથી જ શરૂ થાય તેવી વ્યવસ્થા, પૂર્વા તૈયારી કરવી જોઈએ.
- અગર વિસ્તારોમાં જથ્થો રસોઈયા સુધી પહોંચાડવા માટે વિભાગે બજેટની જોગવાઈ કરવી જોઈએ. સંચાલકોને મળતા મેહનતાણાં માં અગર વિસ્તારોમાં દરમ મહિને જથ્થો લઈ જવાનો ખર્ચ પોસાય નહીં.

- દરેક રણશાળામાં RTE ની જોગવાઈ મુજબ તાલીમ લીધેલ શિક્ષક (પ્રવાસી શિક્ષક) ની નિમણૂક થવી જોઈએ. તેઓ સપ્ટેમ્બરથી એપ્રિલ સુધી અગર વિસ્તારમાંજ ભણાવશે, અને બાકીના સમયગાળા દરમ્યા જે તે માતરું શાળાને મદદરૂપ થશે. લગભગ 60 જેટલા શિક્ષકોની નિમણૂક કરવાની રહે. તેમની મુખ્ય જવાબદારી અગર વિસ્તારો (રણ અથવા દરિયા કાંઠો) હોવી જોઈએ.
- બસ સ્માર્ટ ક્લાસને અગરમાં મૂકવી, લઈ આવવી, દર મહિને તમા મેંટેનન્સ વગેરે બાબતોમાટે ટાઈમ ટેબલ બનાવી જવાબદારી નક્કી કરવી જોઈએ.
- બાળકોનો સર્વે, રણશાલા શરૂ થવી, તેમાં પાણી વ્યવસ્થા માટે જે તે વિભાગને કહેવું, અગર શાળાઓ નું મોનિટરિંગ, માતૃ શાળાની જેમ 26 જાન્યુઆરી, રમતોત્સવ વગેરે ઉજવણી આ તમામ બાબતો માટે એક કેલેન્ડર બનાવવું જોઈએ, અને તે સાથે જવાબદારીઓ પણ નક્કી કરેલી હોવી જોઈએ.
- અગર શાળા કાર્યક્રમને એક consolidated GR અથવા scheme નું સ્વરૂપ આપવું જરૂરી છે.
- આજની તારીખમાં સમયસર આયોજન ન થવાના કારણે નાણાકીય મંજૂરી અને અન્ય વહીવટી મુશ્કેલીઓ માં રણ અને અન્ય અગર વિસ્તારોમાં પાણી પૂરું પાડવાની કામગીરી માં કચાશ રહી જાય છે. તેની સીધી અસર મહિલાઓ, અને બાળકોના સ્વાસ્થ્ય પર પડતી જોવા મળે છે.
- જે પણ વિસ્તારોમાં પાઇપલાઇન શક્ય છે તે વિસ્તારોમાં પાઇપલાઇનની સુવિધામાટે આયોજન કરવું જોઈએ, અને તે માટે પૂરતા નાણાની જોગવાઈ કરવી જોઈએ.

સૂચિત રણ શાળા કાર્યક્રમ / અગર શાળા કાર્યક્રમ

## ઠરાવ ક્રમાંક:

**સંદર્ભ :**

**(૧) સર્વ શિક્ષા અભિયાનનો પત્ર ક્ર. ----------------**

**(3) માનનીય મંત્રીશ્રી ના અધ્યક્ષસ્થાને યોજાયેલ બેઠક તા:**

**કાર્યક્રમનો ઉદ્દેશ:**

મીઠાની ખેતી કરતાં અગરીયા સમુદાયના 6 થી 14 વર્ષ ના બાળકોને ફરજિયાત પ્રાથમિક શિક્ષણ ધારાની જોગવાઈ અનુસાર વિનામુલ્યે શિક્ષણ માટેની વ્યવસ્થા પૂરી પાડવી

**કાર્યક્રમ નો વ્યાપ:'**

**કચ્છ નું નાનું રણ તેમજ સમગ્ર દરિયા કાંઠાનો અગર વિસ્તાર**

**અમલીકરણ :-**

**પ્રાથમિક શિક્ષણ નિયામક ની કચેરી & સમગ્ર શિક્ષા અભિયાન**

**કાર્યકરમની રૂપરેખા:-**

**કામના સ્થળે નિશાળ :-**

**કચ્છનું નાનું રણ તેમજ દરિયા કાંઠે ૮ માસ માટે સ્થળાંતર કરી પરંપરાગત રીતે મીઠું પકવતા અગરિયા પરિવારોના બાળકોને કામના સ્થલે પ્રાથમિક શિક્ષણની વ્યવસ્થા થાય તે માટે ગુજરાત સરકારે એક નવતર અભિગમથી એસ. ટી કોર્પોરેશનની જૂની બસ ને સ્માર્ટ રણ શાળામાં મોડીફાય કરીને કામના સ્થળે મુકવાનું ઠરાવવામાં આવે છે. આવી બસની ડીઝાઇન વિભાગે નક્કી કર્યા મુજબ એક સરખી હોવી જોઈએ. તેમાં હવાની અવર જવર, પાણીની વ્યવસ્થા વગેરે હોવા જરૂરી છે, બાળકોને બેસવામાં અને ભણવામાં મજા પડે તેવી વ્યવસ્થા કરવાની છે. તે માટે શિક્ષણ વિભાગ કોર્પોરેશનને દરખાસ્ત આપશે. તે માટે શિક્ષણ વિભાગ પોતાના બજેટ ઉપરાંત અગરિયા એમ્પાવર્ડ કમિટી, માંથી બજેટ માંગી શકશે. રણ શાળા બસ થી થાદક અંતરે મુતરડીની વ્યવસ્થા કરવાની રહેશે. તે માટે અગરિયા હિતરક્ષક મંચ, ઇંડિયન સોલ્ટ મેન્યૂફેક્ચરર એસોસિએશન (ISMA) અને સમુદાયની મદદ મળશે.**

**માતૃ શાળા:**

**જે જગ્યાએથી બાળકો અને તેમના પરિવારો સ્થળાંતર કરીને આવેલા હોય તે ગામની નિશાળ/નિશાળો ને માતૃ શાળા તરીકે ગણવામાં આવશે. પણ જ્યાં આ આ અંતર ૨૦ કી.મી. થી વધુ હોય ત્યાં કામના સ્થળેથી નજીકમાં નજીક આવેલ સરકારી નિશાળ ને "માતૃ શાળા" તરીકે ઓળખવામાં આવશે.**

**મધ્યાહ્ન ભોજન :**

**"સ્માર્ટ રણ શાળા" માં આવતા બાળકોમાટે RTE ની જોગવાઈ મુજબ મધ્યાહ્ન ભોજનની જોગવાઈ કરવાની રહેશે. હંગામી ધોરણે રસોઈયા, અને હેલ્પરની નિમણુંક તેમજ જરૂરિયાત મુજબ સંચાલકોની નિમણુંક કરવાની રહેશે. તેની જવાબદારી લગતા વળગતા જીલ્લાના જીલ્લા પુરવઠા અધિકારીશ્રીની**

રહેશે. અગરના સ્થળે હંગામી ધોરણે રસોઈયા અને સંચાલકોની નિમણૂક માટેના માપદંડોમાં વિસ્તારને અનુરૂપ ફેરફાર કરવો જરૂરી છે. તેમજ જથ્થો અગર વિસ્તારોમાં પહોંચાડવામાં માટે ટ્રાન્સપોર્ટ ખર્ચની પણ જોગવાઈ કરવાની રહેશે.

<u>શિક્ષકોની નિમણુંક :-</u>

**RTE** ની જોગવાઈ મુજબ આ નિશાળોમાં તાલીમ લધેલ શિક્ષકોની નિમણુંક કરવી જોઈએ. સામાન્યત: માતૃ શાળામાંથી અથવા નજીકની સરકારો શાળાઓમાંથી **DPEO/DEO** દ્વારા કરવાની રહેશે. જરૂર પડે તો આ નિશાળોમાટે "શિક્ષકોની અલગથી ભરતી કરવાની રહેશે.

<u>નિશાળમાં પાણીની વ્યવસ્થા:-</u>

**TPEO** તરફથી પાણી પુરવઠા સાથે સંકલન કરી, વખતો વખત નિશાળની પાણીની ટાંકી ભરવામાં આવે તે રીતે ટેન્કર ના રૂટ પ્લાન ગોઠવવા વિશે જાણ કરવામાં આવે.

<u>રણ શાળા વાલી સમિતિની રચના :-</u>

દરેક રણ શાળા પર વાલી સમિતિની રચના કરવાની રહેશે. જેમને બાળકોની હાજરી, બસ અને સાધનો ની જાળવણી, શાળા હેલ્થ ચેક ઉપ, ઉજવણી વગેરે કાર્યક્રમો વગેરે બાબતોનું ધ્યાન રાખવાનું રહેશે. **BRC/CRC** તરફથી મોનીટરીંગ વિઝીટ દરમ્યાન વાલી સમિતિના સભ્યોને સાથે રાખવાના રહેશે. અગરિયા હિતરક્ષક મંચ રણ શાળાના લોકેશન નક્કી કરવા, તેમજ રણ શાળાની "વાલી સમિતિ" નક્કી કરવા, ગુણોત્સવ, રમતોત્સવ, હેલ્થ ચેક અપ વગેરે કાર્યક્રમોમાં મદદરૂપ થશે.

<u>સ્માર્ટ રણ શાળા બસનું મેન્ટેનન્સ :-</u>

જે તે જીલ્લામાં આવેલ એસ. ટી કોર્પોરેશનની મદદ થી દર વર્ષે સ્માર્ટ રણ શાળા બસનું મેન્ટેનન્સ કરવાનું રહેશે. તેમજ સીઝન પૂરી થાય એટલે તે બસ **SSA** માં મુકવાની રહેશે.

<u>રાષ્ટ્રીય પર્વ ઉજાવણી અન્ય કાર્યક્રમો</u>

માતૃશાળા અને ગામની નિશાળની જેમજ "વિસ્તરણ શાળા" માં પણ પ્રજાસત્તાક દિન, વગેરે રાષ્ટ્રીય પર્વ તેમજ રમતોત્સવ, શાળા આરોગ્ય તપાસ કાર્યક્રમ, ગુણોત્સવ વગેરે આયોજન કરવાના રહેશે.

<u>દેખરેખ અને મૂલ્યાંકન :-</u>

"વિસ્તરણ શાળા" ની દેખરેખ **BRC/CRC** ની રહેશે. જે તે તાલુકા માટેની જવાબદારી **TPEO** અને જીલ્લાની જવાબદારી **DPEO** ની રહેશે.

<u>પરીક્ષા :-</u>

આવી નિશાળોમાં બાળકોની પરીક્ષા વિસ્તરણ શાળાઓ માં જ લઈને તેનો પરિણામ માતૃ શાળામાં મોકલવાનો રહેશે.

આ તમામ વ્યવસ્થાઓ ઉપરાંત ૫ ધોરણ થી ઉપરના બાળકો કામના સ્થળે ભણે તે કરતા તેમના માતૃ શાળામાં ભણે તેવા તમામ પ્રયત્નો કરવાના રહેશે. તે માટે જરૂર પડે વધુ હોસ્ટેલોની વ્યવસ્થા કરવાની રહેશે.

"વિસ્તરણ શાળાનું કેલેન્ડર"

| શું કરવું | ક્યારે | જવાબદારી |
|---|---|---|
| સ્થળાંતર કરનાર બાળકોની સંભવિત યાદી બનાવવી | જુન - જુલાઈ | માતૃ શાળા નો આચાર્ય + BRC/CRC |
| બસ સ્માર્ટ ક્લાસ માટેની દરખાસ્ત | મીઠા/મત્સ્ય/ઈંટ ભઠ્ઠાની સીઝન શરુ થતાં પહેલા ૩ મહિના | SSA |
| મધ્યાન્હ ભોજન માટે રસોઈયા અને સંચાલકની નિમણુંક | સીઝન શરુ થતાં પહેલા ૧ મહિના | DSO/ મામલતદાર પુરવઠા |
| શિક્ષકોની નિમણુંક અને તાલીમ તથા ઓરીએન્ટેશન | સીઝન શરુ થતાં પહેલા ૧૫ દિવસ | DPEO /DEO |
| દેખરેખ નું માળખું /વ્યવસ્થા | દર ૧૫ દિવસે | BRC CRC |

**Harinesh Pandya**

**Ph: 09824048842,**

**Email: ahrmgujarat@gmail.com;**

**Bharat Somera**

**Ph: 9909006796**